
Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 39 • Dt. 23-06-2025 • Monday • Rs.5-00 • • Page-4

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર પોલિસી

# ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી જાહેર કરાઈ

### કેન્દ્ર સરકારના MeitY દ્વારા મંજૂરી અને સહાય પ્રાપ્ત આવા એકમોને ગુજરાતમાં પણ કેન્દ્રીય ધોરણે ૧૦૦ ટકા સહાય પ્રોત્સાહન મળશે



ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રસ્થાપિત થયેલી ઈમેજને વ્યાપક બનાવવા વધુ એક પોલિસી ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી-૨૦૨૫ (GECMS-2025) જાહેર કરી છે. ગુજરાતને ગ્લોબલ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગનું પાવર હાઉસ બનાવવાની નેમ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરેલી આ પોલિસીની વિશેષતા એ છે કે, કેન્દ્ર સરકારના MeitY દ્વારા મંજૂરી અને સહાય પ્રાપ્ત આવા એકમોને ગુજરાતમાં પણ કેન્દ્રીય ધોરણે ૧૦૦ ટકા સહાય પ્રોત્સાહન મળશે. એટલે કે, ગુજરાતમાં સ્થપાનારા આવા સૈંરૂ મંજૂરી મેળવેલા પ્રોજેક્ટસને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર એમ બેવડા પ્રોત્સાહન લાભ મળી શકશે.

આ પોલિસી કેન્દ્ર સરકારની ECMS પોલિસીને સુસંગત છે તેમજ ૧૦૦ ટકા ટોપઅપ અનુસરણ કરીને સરળતાએ ઓછામાં ઓછા સમયમાં સહાય પ્રોત્સાહન ઉપલબ્ધ કરાવાશે. એટલું જ નહીં, MeitY દ્વારા એકવાર ECMS હેઠળ પ્રોજેક્ટ મંજૂર થયા પછી રાજ્યમાં સ્થપાનારા પ્રોજેક્ટ્સને આપમેળે સમાન ગ્રાન્ટ – સહાયપાત્ર બનશે અને કેન્દ્ર સરકાર દ્વારા સહાય ચૂકવાયા બાદ ૩૦ દિવસમાં રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન સહાય ચૂકવી દેવાશે.

ગુજરાત દેશના ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ લેન્ડસ્કેપમાં મેન્યુફેક્ચરિંગ હબ, ઓટો હબની પ્રતિષ્ઠા ધરાવતું રાજ્ય બન્યું છે. રાજ્યમાં ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ પણ કાર્યરત છે ત્યારે હવે, આ પોલિસીના પરિણામે અપસ્ટ્રીમ ઈન્ડસ્ટ્રીને પણ વેગ મળશે. આના પરિણામે આયાત નિર્ભરતા ઘટશે અને ટેકનોલોજીકલ રેઝિલીયન્સમાં વધારો થઈ શકશે. આ પોલિસી દ્વારા રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રૂ.૩૫ હજાર કરોડથી વધુના નવા રોકાણો અને વધુને વધુ હાઈ સ્કીલ્ડ એમ્પ્લોયમેન્ટનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરેલી આ ધ્ઈઝસ્જી પોલિસીને પરિણામે રાજ્યમાં મલ્ટી લેયર અને એચ.ડી.આઈ. પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, લિથિયમ આયન સેલ, એસ.એમ.ડી. પેસિવ કમ્પોનન્ટ્સ, ડિસ્પ્લે અને કેમેરા મોડ્યુલ્સ, ઈલેટ્રોનિક્સ પાર્ટસ તેમજ તેના ઉત્પાદન માટે જરૂરી વિશેષ મશીનરી સહિત આવશ્યક ઉદ્યોગો – એકમોને રાજ્યમાં રોકાણ માટે પ્રોત્સાહન મળતું થશે.

આ પોલિસીમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપીને ટેલેન્ટ ગેપ દૂર કરવાના હેતુથી રાજ્યમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે પણ ઉદારતમ સહયોગ આપવાનું પ્રાવધાન રાખવામાં આવ્યું છે. તદ્અનુસાર, ગુજરાતમાં સ્થિત અને માન્ય હોય તેવી સંસ્થાઓને સેન્ટર ઓફ એક્સલન્સ, ફિનિશિંગ સ્કુલ્સ કે એપ્લાઈડ રિસર્ચ લેબની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા વધુમાં વધુ ૧૨.૫ કરોડ સુધીની મેચિંગ સહાય મળવા પાત્ર થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરેલી આ ધ્ઈઝસ્જી પોલિસીની મુખ્ય વિશેષતાઓ, હેતુઓ અને પ્રોત્સાહનો આ મુજબ છે –

હેતુઓ : ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સ ઉત્પાદનથી વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઈન્સમાં ગુજરાતનું મજબૂત સ્થાન પ્રસ્થાપિત કરવું. લોકલ કમ્પોનન્ટ અને સબ-એસેમ્બલી ઉત્પાદનને પ્રોત્સાહન આપી ઈલેક્ટ્રોનિક્સ ગ્લોબલ વેલ્યુ ચેઈન્સ (GVCs)માં ઉત્પાદન મૂલ્ય વૃદ્ધિથી અગ્રેસર રહીને આયાત પર નિર્ભરતા ઘટાડવી અને નિકાસમાં વધારો કરવો.

પાત્રતા : ભારત સરકારની ગાઈડલાઈન મુજબ આ પોલિસીનો લાભ લેવા માટેની અરજી તા.૩૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં કરવાની રહેશે. કેન્દ્ર સરકારના MeitY દ્વારા સહાય મંજૂર થઈ હોય અને ગુજરાતમાં કાર્યરત હોય તેવા તમામ પ્રોજેક્ટ્સને આપોઆપ આ પોલિસીનો લાભ મળશે. ગુજરાતમાં ઉત્પાદન યુનિટ સ્થાપિત કરવા ઈચ્છતા હોય અથવા પ્રગતિમાં હોય તેવા પ્રોજેક્ટ્સને પણ આનો લાભ મળશે.

ઈન્સેન્ટિવ : ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૨૨-૨૮ હેઠળ સહાય મળવતા હોય તે સિવાયના એકમો આ નીતિ હેઠળ મળતા લાભો મેળવવા માટે માન્ય રહેશે. આ નવી નીતિ હેઠળ લાભ મેળવતા એકમોને ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૨૨-૨૮નો લાભ મળશે નહિ. પ્રોત્સાહન ભારત સરકારની યોજનાની શરતો અને થ્રેશોલ્ડ મુજબ રહેશે.

વધારાના પ્રોત્સાહનો (ઈન્સેન્ટિવ્ઝ)

કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સઃ ઈલેક્ટ્રોનિક્સ ક્લસ્ટરોમાં કોમન ઈર્ન્ફ્રસ્ટ્રક્ચરના આધુનિકીકરણ અને વિકાસ માટે જરૂરિયાત આધારિત સહાય અપાશે.

ઈન્સેન્ટિવ વિતરણ : ભારત સરકાર દ્વારા મંજૂર યોજનાઓ માટે સહાય ચૂકવાયા બાદ રાજ્ય સરકાર ૩૦ કાર્ય દિવસમાં સહાય ચૂકવશે.

પોલિસીનો સમયગાળો : રાજ્યની આ નવી નીતિનો સમયગાળો ભારત સરકારની યોજના જેટલો જ રહેશે.

પોલિસીનું અમલીકરણ : ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી-૨૦૨૫નું અમલીકરણ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) દ્વારા કરવામાં આવશે.

# ૪૧ મેડિકલ કોલેજોને માન્યતા ન મળતા પ્રવેશ પ્રક્રિયા ટલ્લે ચડી

## નેશનલ મેડિકલ કમિશન દ્વારા કરવામાં આવેલી લાલીયાવાડીને કારણે મેડિકલ પ્રવેશ પ્રક્રિયામાં અડચણ




અમદાવાદ

રાજ્યમાં મેડિકલ કોલેજોની પ્રવેશ પ્રક્રિયા હાલમાં અટકી પડી છે. આની પાછળનું મુખ્ય કારણ એ જ છે કે, ૪૧ મેડિકલ કોલેજોને માન્યતા મળેલી નથી. નેશનલ મેડિકલ કમિશન (NMC) દ્વારા કરવામાં આવેલી લાલીયાવાડીને કારણે, મેડિકલ પ્રવેશ પ્રક્રિયામાં અડચણ ઉભી થઈ છે.

'NMC'એ હજુ સુધી ગુજરાતની કોલેજોમાં ઈન્સ્પેકશન શરૂ કર્યું નથી. માત્ર મેડિકલ જ નહી પરંતુ ૧૩ ડેન્ટલ, ૪૪ આયુર્વેદ અને ૪૮ હોમિયોપેથી કોલેજોને પણ માન્યતા મળી નથી. હાલમાં NEETનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે, તેમ છતાંય પરિણામ જાહેર થયાના ૪૫ દિવસ બાદ પણ વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત છે. આ વર્ષે ગુજરાતમાંથી લગભગ ૮૧,૦૦૦ વિદ્યાર્થીઓએ NEETની પરીક્ષા આપી હતી. કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ દ્મસ્ઝ સામે પ્રહાર કર્યા છે અને આક્ષેપ લગાડ્યા છે કે, NMC પાસે પૂરતા સ્ટાફ કે ઈન્સ્પેક્ટરો ઉપલબ્ધ નથી.

આ સાથે જ એજન્ટો વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે છેતરપિંડી કરી રહ્યાં હોવાના પણ દાવા કરવામાં આવ્યા છે. કોંગ્રેસે માંગ કરી છે કે, NMC તાત્કાલિક કોલેજની માન્યતાની પ્રક્રિયા પૂર્ણ કરે.

## તંત્રીની કલમે................

# ઠગની કન્નડ લાઈફ



Editor- Nilay H. Mehta

સંવાદ પણ સંમતિ અને અસંમતિ વચ્ચેનો એક માર્ગ છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો અભિનેતા કમલ હાસને કંઈક અસુવિધાજનક કહ્યું હોય, તો તે અંતિમ સત્ય નથી. લોકોને અલગ અલગ મંતવ્યો રાખવાનો અધિકાર છે, પરંતુ આ કારણે ફિલ્મનું પ્રદર્શન રોકી શકાય નહીં. હસને તાજેતરમાં એક નિવેદન આપ્યું હતું કે કન્નડ ભાષા તો તમિલમાંથી ઉતરી આવી છે, જેનાથી કન્નડના વિદ્વાનો, રાજનેતાઓ અને કન્નડ તરફી કાર્યકરો ગુસ્સે થયા હતા. માફી માગવાના તેમના ઈન્કારથી કર્ણાટકમાં વ્યાપક વિરોધ થયો અને કર્ણાટક ફિલ્મ ચેમ્બર ઓફ કોમર્સે 'ઠગ લાઈફ' ફિલ્મની રિલીઝ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી. ૩ જૂન ૨૦૨૫ ના રોજ, કર્ણાટક હાઈકોર્ટે હાસનને ચેતવણી આપી હતી કે તેઓ પ્રજાની લાગણીઓને ઠેશ પહોંચાડવા માટે તેમના વાણીનો સ્વાતંત્ર્યના અધિકાર તરીકેનો ઉપયોગ કરી શકતા નથી.

સર્વોચ્ચ અદાલતે આ કેસમાં રસપ્રદ ટકોર કરી છે. અદાલતે કહ્યું કે શું દેશમાં બૌદ્ધિક ચર્ચા માટે કોઈ અવકાશ છે કે નહીં? જો છે, તો શું અભિનેતા કમલ હાસનની ફિલ્મ 'ઠગ લાઈફ'નો વિરોધ ફક્ત એટલા માટે થવો જોઈએ કારણ કે તેમણે એવું નિવેદન આપ્યું હતું જે લોકોને પસંદ નથી? સુપ્રીમ કોર્ટે તેને ગંભીરતાથી લીધું અને કહ્યું કે એ વિધાનને વિરોધ કરવાને બદલે બૌદ્ધિક ચર્ચા તરીકે લેવું જોઈતું હતું. સેન્સર બોર્ડ દ્વારા પ્રમાણિત થયા પછી પણ આ ફિલ્મનું પ્રદર્શન જે રીતે બંધ કરવામાં આવ્યું, તેના પરથી સમજી શકાય છે કે ચર્ચા માટે કેટલી જગ્યા બાકી છે. સંવાદ પણ સંમતિ અને અસંમતિ વચ્ચેનો એક માર્ગ છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો અભિનેતાએ કંઈક અસુવિધાજનક કહ્યું હોય, તો તે અંતિમ સત્ય નથી. લોકોને અલગ અલગ મંતવ્યો રાખવાનો અધિકાર છે, પરંતુ આ કારણે ફિલ્મનું પ્રદર્શન રોકી શકાતું નથી. પોલીસ અને રાજ્ય સરકારની મૌખિક સૂચનાઓ દ્વારા પ્રમાણપત્ર મળ્યા પછી પણ ફિલ્મનું પ્રદર્શન જે રીતે બંધ કરવામાં આવ્યું તેનાથી ઘણા પ્રશ્નો ઊભા થયા છે. સુપ્રીમ કોર્ટે કહેવું પડયું કે લોકોને ફિલ્મ જોવાથી રોકવા માટે તેમનાં માથાં પર બંદૂક તાકી શકાતી નથી. અભિનેતા કમલ હાસન ફિલ્મો અને વિચારો દ્વારા પોતાના વિચારો અંગે અવાજ ઉઠાવતા રહ્યા છે. આ વખતે તેઓ તેમની ફિલ્મ 'ઠગ લાઈફ'નો ઓડિયો રિલીઝ કરતી વખતે કન્નડ ભાષા પર ટિપ્પણી કરીને વિવાદોમાં ફસાઈ ગયા. રાજ્યમાં આનો ભારે વિરોધ થયો હતો. કર્ણાટક ફિલ્મ ચેમ્બર ઓફ કોમર્સે તો ત્યાં સુધી કહ્યું કે જ્યાં સુધી કમલ હસન માફી નહીં માંગે ત્યાં સુધી તેમની ફિલ્મ રાજ્યમાં પ્રદર્શિત થવા દેવામાં આવશે નહીં. ફિલ્મ પાંચમી જૂને દેશભરમાં રિલીઝ થઈ હોવા છતાં, કર્ણાટકમાં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારને આનું કારણ પૂછ્યું એટલું જ નહીં, પરંતુ એમ પણ કહ્યું કે કહેવાતા નૈતિક ચોકીદારોને શેરીઓમાં કબજો કરવાની અને લોકોને ફિલ્મ જોતા અટકાવવા માટે હંગામો કરવાની મંજુરી આપી શકાતી નથી.

અદાલતે કહ્યું કે રાજ્ય સરકાર લોકવિરોધના ડરથી તેની પોતાની બંધારણીય જવાબદારીથી છટકી શકે નહીં. કમલ હાસને જરાક ઠાવકાઈથી એમ પણ કહ્યું હતું કે તામિલ, સંસ્કૃત અને તેલુગુ ભાષાની સરખામણીમાં કન્નડ ભાષા 'યંગેસ્ટ' (નાની) છે અને આપણે એની સંભાળ લેવી જોઈએ અને ચોક્કસ આપણે એની સંભાળ રાખીશું.

**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com

### ઝાડ સાથે ટેલ અથડાઈ

# પ્લેન ક્રેશના કાટમાળને લઈ જતી ટ્રકનો અકસ્માત થયો

## પોલીસ અને ફાયર વિભાગે ટેલ હટાવી રસ્તો ખોલાવ્યો



અમદાવાદ

ક્રેશ થયા બાદ **AI 171**નો કાટમાળ આજે લઈ જવામાં આવી રહ્યો હતો. **DGCA** ની ટીમ દ્વારા પ્લેન ક્રેશ થઈને જ્યાં પડ્યું હતુ ત્યાંથી ઘટનાસ્થળેથી વિમાનનો કાટમાળ એરપોર્ટ લઈ જવામાં આવી રહ્યો હતો. વિમાનના તૂટેલા ભાગોને ટ્રકમાં મુકીને લઈ જવામાં આવતા હતા તે દરમિયાન ઝાડ સાથે અથડાતા ટ્રક અટકી ગઈ હતી. આ અકસ્માત એસીબીની કચેરી પાસે બન્યો હતો. જોકે અકસ્માતને પગલે શાહીબાગ ડફનાળાથી કેમ્પ હનુમાન મંદિર સુધીનો રસ્તો ઠપ થઈ ગયો હતો અને ટ્રાફિક જામના દ્દશ્યો સર્જાવા લાગ્યા હતા. પ્લેનની ટેલ લઈ જતી વખતે ટ્રકને અકસ્માત નડ્યો છે. કાટમાળના નિકાલ સમયે પણ વિમાનની ટેલ ઝાડ સાથે અથડાતા ફસાઈ ગઈ હતી.

પોલીસ અને ફાયર વિભાગની ટીમે ટેલને હટાવવાની કામગીરી શરુ કરી હતી શાહીબાગ ડફનાળાથી કેમ્પ હનુમાન મંદિર સુધી રસ્તો બંધ કરવો પડ્યો હતો. હાલ તેને હટાવી ત્યાંથી રવાના કરી દેવામાં આવી હતી.

નોંધનીય છે કે, એર ઈન્ડિયાની સેવાઓ અંગે મુસાફરોમાં અસંતોષ વધી રહ્યો છે. ૧૨ જૂને અમદાવાદમાં ફ્લાઈટ **AI171** ના ભયાનક અકસ્માત પછી આ અસંતોષ વધુ ઘેરો બન્યો છે. લોકલસર્કલ દ્વારા હાથ ધરાયેલા તાજેતરના સરવેમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ્સની ગુણવત્તા, જાળવણી, સલામતી અને મુસાફરોની સુવિધાઓ અંગે ચિંતાજનક આંકડા બહાર આવ્યા છે.

આ સરવે મુસાફરોના અનુભવોના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો, જેમાં દેશભરના હજારો નાગરિકોએ ભાગ લીધો હતો અને એર ઈન્ડિયાના સંચાલન પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા હતા. સરવેમાં સમાવિષ્ટ ૭૯ ટકા મુસાફરોનું માનવું હતું કે, એર ઈન્ડિયાના વિમાનની સ્થિતિ અને જાળવણી ખૂબ જ નબળી છે. વર્ષ ૨૦૨૪ માં આ આંકડો ૫૫ ટકા હતો, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, એક વર્ષમાં મુસાફરોના અનુભવોમાં ભારે ઘટાડો થયો છે.

### સાબરકાંઠાના વડાલીમાં બારે મેઘ ખાંગા

# વડાલીમાં ૨૪ કલાકમાં ૧૨ ઈંચ વરસાદથી જળબંબાકાર

## ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી



સાબરકાંઠા

ગુજરાતમાં છેલ્લાં ઘણાં દિવસથી મેઘરાજાની બેટિંગ શરૂ છે. એવામાં શનિવારે (૨૧ જૂન) રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. જેમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો.

હવામાંન વિભાગના આંકડા અનુસાર, શનિવારે ૨૪ કલાકની અંદર સાબરકાંઠામાં સાડા બાર ઈંચ વરસાદ નોંધાયો હતો. જેના કારણે જિલ્લામાં વિવિધ જગ્યાએ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. હવામાન વિભાગે છેલ્લાં ૨૪ કલાકના વરસાદના ડેટા જાહેર કર્યા છે. જે અનુસાર, ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના વડાલી તાલુકામાં ૨૪ કલાકમાં ૧૨.૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સિવાય સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં પણ ૧૦.૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. ઈડરમાં ૪.૯ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સાબરકાંઠાના અન્ય વિસ્તારોમાં લગભગ ૧ ઈંચની આસપાસ વરસાદ નોંધાયો હતો.નોંધનીય છે કે, ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૨૦ ટકા તેમજ પૂર્વ મધ્યમાં ૧૬ ટકા જેટલો વરસાદ નોંધાયો હતો. હવામાનના આંકડા અનુસાર, ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ ખાબક્યો હોત તે વિસ્તારમાં ઉત્તર ગુજરાત જ મોખરે છે. જેમાં સાબરકાંઠામાં ૧૨.૨ ઈંચ, બનાસકાંઠામાં ૧૦.૩ ઈંચ, અરવલ્લીમાં ૪.૬ ઈંચ વરસાદ નોંધાયો હતો.

આ સિવાય દક્ષિણ ગુજરાતના સુરતમાં પણ ૩.૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ ૧.૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં પણ ૧ ઈંચની આસપાસ વરસાદ નોંધાયો હતો. વડોદરામાં પણ ૧.૧ ઈંચ વરસાદ નોંધાયો હતો.

### ૮ ડેમ છલકાયા, ૧૪ હાઈ એલર્ટ પર

# ગુજરાતના ૨૦૬ ડેમમાં નવા નીરની આવક થઈ

### ભારે વરસાદથી નર્મદા ડેમનું ૪૫૪.૯૮ ફૂટ સંપૂર્ણ જળાશય સ્તર અને ૩૮૯.૯૬ ફૂટ હાલનું પાણીનું સ્તર



ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક જિલ્લામાં આવેલા નદી-ડેમ છલકાયા છે. હવામાન વિભાગે આજે રવિવારે (૨૨ જૂન) સાંજે ૫ વાગ્યા સુધીમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને ડેમને લઈને આંકડાકિય માહિતી જાહેર કરી છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૯ તાલુકામાં સરેરાશ ૧૫.૦૪ મિ.મી. વરસાદ પડ્યો છે. જ્યારે રાજ્યમાં ધોધમાર વરસાદને પગલે ૨૦૬ ડેમમાં નવા નીરની આવક થઈ છે. જેમાં ૮ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે અને ૧૪ જેટલાં ડેમો હાઈ એલર્ટ પર છે, ત્યારે ચાલો જાણીએ કયા ડેમની શું છે સ્થિતિ.

હવામાન વિભાગ મુજબ, આજે ૨૨ જૂનની સાંજે ૪ વાગ્યા સુધીના રિપોર્ટ પ્રમાણે નર્મદા ડેમની સ્થિતિની વાત કરીએ તો, ૪૫૪.૯૮ ફૂટ સંપૂર્ણ જળાશય સ્તર અને ૩૮૯.૯૬ ફૂટ હાલનું પાણીનું સ્તર છે. જેમાં ૮ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે, જ્યારે ૨૬ ડેમ ૭૦-૧૦૦ ટકા, ૨૨ ડેમ ૫૦-૭૦ ટકા, ૫૭ ડેમ ૨૫-૫૦ ટકા અને ૯૯ ડેમ ૨૫ ટકાથી નીચેના સ્તરે ભરાયેલા છે. જેમાં ૧૪ ડેમને હાઈ એલર્ટ, ૯ ડેમને એલર્ટ અને ૧૧ ડેમને લઈને વોર્નિંગ આપવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ બનાસકાંઠા, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, નવસારી અને વલસાડ એમ ૭ જિલ્લામાં રેડ એલર્ટ છે. જ્યારે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, મહીસાગર, અરવલ્લી, ખેડા, આણંદ, ભરૂચ, સુરત, પંચમહાલ, દાહોદ, તાપી, ડાંગ જિલ્લામાં અતિભારે વરસાદને લઈને ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

જ્યારે વડોદરા, છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લામાં યલો એલર્ટને લઈને ધોધમાર વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગે આગામી ૨૮ જૂન સુધી રાજ્યભરમાં ધોધમાર વરસાદની આગાહી કરી છે.

## બનાસકાંઠાના થરાદમાં નર્મદા કેનાલમાંથી બે યુવતીના મૃતદેહ મળ્યા

થરાદ

ગુજરાતના બનાસકાંઠાના થરાદ પાસે નર્મદા કેનાલમાંથી બે યુવતીના મૃતદેહ મળ્યા હોવાની ઘટના સામે આવી છે. કેનાલના મહાજનપુર પમ્પિંગ સ્ટેશન ફાટકમાંથી ફાયર વિભાગની ટીમ દ્વારા મૃતદેહો નીકાળ્યા હતા. જ્યારે બંને યુવતીઓ કોણ છે અને કયાથી આવેલી અને કયા કારણોસર કેનાલમાં ઝંપલાવ્યું, શું છે સમગ્ર મામલો તેને લઈને પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસે બંને યુવતીના મૃતદેહોને પીએમ અર્થે મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, થરાદની નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી આવવાની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે મહાજનપુર પમ્પિંગ સ્ટેશન ફાટકમાંથી બે અજાણી યુવતીની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે સ્થાનિકોને જાણ થતાં પોલીસ અને ફાયર વિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી. જ્યારે બંને યુવતીઓ કોણ છે? અને કેમ કેનામમાં પડતુ મુક્યુ? તેવા અનેક સવાલો ઉઠી રહ્યા છે, ત્યારે બંને યુવતીની હત્યા થઈ છે કે આત્મહત્યા તેને લઈને પોલીસે તપાસ આદરી છે.

### મહિલા અધિકારી સાથે રૂ. ૧.૩૬ કરોડની ઠગાઈ

## ONGCની મહિલા અધિકારીને ડીજીટલ એરેસ્ટ કરીને ઠગાઈ

### મહિલાના તેમજ તેની માતાના બેંક એકાઉન્ટમા નાણાંકીય વ્યવહાર તપાસવા નામે આરટીજીએસથી ૧.૩૬ કરોડ ટ્રાન્સફર કરાવાયા

અમદાવાદ

ટ્રાઇ, સીબીઆઇ કે ઈડીના અધિકારીના નામે કોલ કરીને ડીજીટલ એરેસ્ટ કરીને કરોડો રૂપિયા પડાવતી ગેંગથી બચવા માટે સાયબર ક્રાઇમ સતર્ક રહેવા માટે અનેકવાર સુચનો કરે છે. તેમ છતાંય, હજુપણ અનેક લોકો છેતરાઈ જઇને કરોડો રૂપિયા ગુમાવે છે. ગોતામાં રહેતા અને ઓએનજીસીમાં ફરજ બજાવતા મહિલા અધિકારીને ડીજીટલ એરેસ્ટ કરીને છેતરપિંડી કરતી ગેંગ દ્વારા રૂપિયા ૧.૩૬ કરોડની માતબર રકમ પડાવી લીધી હતી. ગઠિયાઓએ મહિલાને ટ્રાઇના અધિકારી તરીકે ફોન કરીને બેંક એકાઉન્ટમાં મની લોન્ડરીંગની બે કરોડની રકમ હોવાનું કહીને સમગ્ર કૌભાંડ આચર્યું હતું. આ અંગે સાયબર ક્રાઇમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. શહેરના ગોતામા વિસ્તારમાં રહેતા ત્રિવેણીબેન પટેલ ચાંદખેડા ઓએનજીસીમાં સિનિયર આસીટન્ટ તરીકે નોકરી કરે છે. ગત ૩૧મી મે ના રોજ તેમને અજાણ્યા મોબાઈલ નંબરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે તેમને કહ્યું હતું કે તે ટેલીકોમ રેક્યુલેટર ઓથોરીટીમાંથી વાત કરે છે. તમારો ફોન બે કલાકમાં બંધ થઇ જશે. થોડીવાર પછી પોલીસના ડ્રેસ પહેરેલા વ્યક્તિએ સીબીઆઇના અધિકારી તરીકે ઓળખ આપીને કહ્યુ હતું કે તમારા કેનેરા બેંકના એકાઉન્ટમાં બે કરોડ રૂપિયાનું કાળુ નાણું છે અને આ બેંક એકાઉન્ટ આધાર કાર્ડથી લીંક છે. જેથી તમારા પર કેસ કરીને ડીજીટલ એરેસ્ટ કરવા માટે વૉરંટ છે અને કોલ કરનારે વોટ્સએપ પર સુપ્રિમ કોર્ટના સિક્કાવાળો લેટર મોકલ્યો હતો.

ત્રિવેણીબેનને એરેસ્ટ કરીને કોર્ટ રૂમનો વિડીયો બતાવીને જજે તેમની પાસેથી આધાર કાર્ડની જોવા માંગી હતી અને તેમને પુછવામાં આવ્યું હતું કે એકાઉન્ટમાં જેટલા નાણાં હોય તેનું વેરીફીકેશન આરબીઆઇ દ્વારા કરવાનું છે. જેથી ત્રિવેણીબેને ૩૬ લાખ રૂપિયા અન્ય એક બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા હતા. આ ઉપરાંત, ત્રિવેણીબેનના માતાના બેંક એકાઉન્ટમાંથી તેમજ ફીક્સ ડીપોઝીટના નાણાં મળીને કુલ ૧.૩૬ કરોડ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ મકાન વેચીને પણ નાણાંની માંગણી થતા ત્રિવેણીબેને તેમના સગાને આ બાબતે જાણ કરતા તેમની સાથે છેતરપિંડી થયાનો ખ્યાલ આવ્યો હતો. આ અંગે સાયબર ક્રાઇમે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

### ૨ના મોત, અનેક લોકો ગંભીર ઈજાગ્રસ્ત

# સંતરામપુર બાયપાસ રોડ પર સર્જાયો ગમખ્વાર અકસ્માત

### મહીસાગર જિલ્લાના સંતરામપુર બાયપાસ રોડ પર ટ્રક અને તુફાન ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો

મહીસાગર

ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે મહીસાગરમાં ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. મહીસાગર જિલ્લાના સંતરામપુર બાયપાસ રોડ પર ટ્રક અને તુફાન ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ૨ લોકોના ઘટના સ્થળે કરુણ મોત નિપજ્યાં છે. જ્યારે તુફાન ગાડીમાં સવાર ૧૪ને ગંભીર ઇજાઓ પહોંચી હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

અકસ્માતમાં તુફાન ગાડી ચૂરેચૂરા થઈ ગઈ છે. અકસ્માત સર્જાતા તાત્કાલિક ધોરણે લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તરત જ પોલીસને જાણ કરતા ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્તથતી માહિતી અનુસાર સંતરામપુર બાયપાસ રોડ પર ટ્રક અને તુફાન





ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો છે. તુફાન ગાડીમાં સવાર ૧૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતમાં ૨ લોકોના મોત થયા છે. જો કે સંતરામપુરમાં પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ ગઈકાલે પોરબંદરની ખાનગી સ્કૂલ બસનો અકસ્માત સર્જ્યો હતો. મળતી માહિતી અનુસાર દેગામ નજીક બસ રસ્તા પરથી નીચે ઉતરી ગઈ હતી. ત્યારે અકસ્માત થતા વિદ્યાર્થીઓના જીવ તાળવે ચોંટ્યા હતા. હોમગાર્ડના જવાનોએ વિદ્યાર્થીઓને બહાર કાઢ્યા હતા. ચૂંટણીમાં ફરજા બજાવવા જતા હોમગાર્ડ જવાનો આખરે વિદ્યાર્થીઓની મદદ કરવા પહોંચ્યા હતા. સદનસીબે અકસ્માતમાં તમામ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ કરવામાં આવ્યો છે. અન્ય બસ મારફતે વિદ્યાર્થીઓને ઘર પહોંચાડવાની તજવીજ હાથ ધરી હતી.

### અમદાવાદ સરસપુરમાં દર્શન માટે ભક્તોની ભીડ

# ભગવાનના ભવ્ય મામેરાના દર્શન માટે ભક્તોની ભીડ



અમદાવાદ

ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા ૨૭ જૂન, ૨૦૨૫ના પવિત્ર દિવસે નિષ્પન્ન થવાની છે. ત્યારે રથયાત્રા પૂર્વેના ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગોનું અમદાવાદ શહેરમાં ભવ્ય રીતે આયોજન કરવામાં આવી રહ્યું છે. શનિવારે સરસપુરના મોસાળ મંદિર ખાતે ભગવાન જગન્નાથને વાસણા યજમાન પરિવાર તરફથી પરંપરાગત રીતે ભક્તિભાવપૂર્વક મામેરું અર્પણ કરવામાં આવ્યું. આ અનોખા અને અલૌકિક દર્શનના લાભ માટે સવારથી જ હજારો ભક્તોનું ઘાટા વાદળા જેવી ભીડ ઉમટી પડી હતી.

ભજન અને 'જય રણછોડ'ના ગુંજારવ વચ્ચે સમગ્ર પરિસર ભક્તિમય અને ભાવનાત્મક બની ગયો હતો. રવિવારે પણ ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે ભક્તોની ભીડ ઉમટી પડી હતી. લોકોએ ભક્તિભાવપૂર્વક ભગવાનના દર્શન કર્યા હતા.

આ વર્ષે ભગવાન જગન્નાથજી માટે ખાસ રીતે તૈયાર કરવામાં આવેલા ગુલાબી અને નેવી બ્લુ રંગના વાઘાઓ ભક્તોના આકર્ષણનું કેન્દ્ર રહ્યા. સાથે સાથે સોના-ચાંદીના ભવ્ય આભૂષણોથી શણગારાયેલા જગન્નાથજીના દરશનથી ભક્તોની આંખો તૃપ્ત થઈ ગઈ. સોમવાર, ૨૩ જૂનના રોજ મામેરું વાસણાની અરિહંત સોસાયટી ખાતે લાવવામાં આવશે. ત્યાંથી સમગ્ર વિસ્તારને આવરી લેતી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભજન મંડળીઓ, ઘોડા-ઉંટના દળો અને સાંસ્કૃતિક ઝાંખીઓનો સમાવેશ રહેશે. આવા પવિત્ર અવસરે શ્રદ્ધાળુઓને અરજ છે કે તેઓ મોટી સંખ્યામાં પધારીને ભગવાન જગન્નાથના આશીર્વાદ પ્રાપ્ત કરે અને રથયાત્રા પૂર્વેના આયોજનોમાં સહભાગી બને.

### ધાનેરાનું થાવર ગામ હિબકે ચડ્યું

# પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા દંપતીની અંતિમ યાત્રામાં હજારો લોકો જોડાયા

### અમદાવાદ પ્લેન ક્રેશમાં બનાસકાંઠાના ધાનેરા તાલુકાના થાવર ગામના દંપતીનું પણ મોત નીપજ્યું હતું

ધાનેરા

અમદાવાદથી લંડન જઈ રહેલ એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થતા ધાનેરા તાલુકાના થાવર ગામના દંપતીનું મૃત્યુ નીપજ્યું હતું. જેમાંથી કમલેશભાઈ ચૌધરીનો ડીએનએ મેચ થયા બાદ ગઈકાલે તેમના ધર્મપત્ની ધાપુબેનનો ડીએનએ મેચ થયો અને દંપતીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

આજે સવારે થાવર ગામે બંને પતિ-પત્નીના મૃતદેહને પરિવાર અને ગ્રામજનો દ્વારા અંતિમ દર્શન કરીને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સવારથી જ વરસતા વરસાદમાં ગ્રામજનો દ્વારા બંને પતિ-પત્નીના પાર્થિવ દેહને થાવર ખાતે અગ્નિ સંસ્કાર કરવામાં આવતા સમગ્ર ગામમાં ભારે શોક પ્રસર્યો હતો. દંપતીની અંતિમયાત્રામાં ધાનેરાના ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ સહિતના રાજકીય આગેવાનો સાથે વહીવટી તંત્રના પ્રાંત અધિકારી સહિત ગ્રામજનો જોડાયા હતા અને બંને પતિ-પત્નીને અંતિમ વિદાય આપવામાં આવી હતી.

કમલેશભાઈ ચૌધરી લંડન ખાતે અભ્યાસ સાથે કાપડનો વ્યવસાય કરતા હોઈ પોતાના લગ્ન બાદ હવે પ્રથમ વખત તેમના પત્ની ધાપુબેન ચૌધરીને સાથે લઈ ધાનેરાથી લંડન જઈ રહ્યા હતા ત્યારે અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ અમદાવાદ ખાતે ક્રેશ થતા બંને પતિ-પત્નીના મૃત્યુ નીપજ્યા હતા.

ઉલ્લેખનીય છે કે દંપતીના ડીએનએ મેચ તથા તેમના મૃતદેહને અમદાવાદથી થાવર ગામ ખાતે વહીવટી તંત્રની ગાડીઓના સ્કોટ સાથે લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમના પરિવારજનોએ કમલેશભાઈ અને તેમના પત્ની ધાપુબેનના મૃતદેહના અંતિમ દર્શન કર્યા હતા.

ધાનેરાના ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ તેમજ નાયબ કલેકટરે પણ પરિવારને સાંત્વના આપવા પહોંચ્યા હતા. પરિવારના અંતિમ દર્શન બાદ બંનેના મૃતદેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા.

### ઝાલોદના મોટીહાંડી ગામમાં ફરીથી મતદાન થશે

# ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણી શાંતિપૂર્ણ સંપન્ન થઈ

### બનાસકાંઠામાં ૮૦.૩૨ ટકા, થરાદમાં ૮૭.૨૫ ટકા અને સૌથી ઓછું મતદાન દાંતામાં ૬૮.૦૪ ટકા થયું

ગાંધીનગર

ગુજરાતમાં આજે ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. જેનું મતદાન એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું છે. કડી અને વિસાવદરમાં ગ્રામ પંચાયતની ચૂંટણીને મોકૂફ રાખવામાં આવી હતી.

બનાસકાંઠાની જો વાત કરીએ તો અહીંયા સાંજના ૫ વાગ્યા સુધીમાં ૮૦.૩૨ ટકા મતદાન થયું હતું. આ સિવાય થરાદમાં ૮૭.૨૫ ટકા અને સૌથી ઓછું મતદાન દાંતામાં ૬૮.૦૪ ટકા સાથે થયું હતું. જોકે દાહોદના ઝાલોદ તાલુકામાં આજે મતદાન સમયે માથાકૂટ થતા અહીંયા આવનારા દિવસોમાં ફરી મતદાન થવાનું છે.

ગ્રામ પંચાયતની ચૂંટણીના મતદાન સમયે ઘણી બધી જગ્યાએ વરસાદી માહોલ પણ જોવા મળ્યો હતો. જોકે મતદારોનો ઉત્સાહ એટલો હતો કે વરસતા વરસાદમાં પણ મતદારો મતદાન કરવા માટે બૂથ પર પહોંચ્યા હતા. મોટા ભાગના ગામોમાં આજે મતદાન સમયે મતદારોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. કારણ કે છેલ્લા કેટલાય સમયથી લોકો આ ચૂંટણીની રાહ જોઈ રહ્યા હતા.

જોકે દાહોદના ઝાલોદ તાલુકામાં આવેલ મોટીહાંડી ગામમાં મતદાન સમયે જ માથાકૂટ થઈ હોવાનું સામે આવ્યું છે. જેમાં આ માથાકૂટ એટલી ઉગ્ર બની કે મતદાન બંધ કરાવી દેવું પડ્યું. જેના કારણે હવે અહીંયા આવનારા સમયમાં ફરી મતદાન યોજાવાનું છે. આપને જણાવી દઈએ કે ધામખોબરા પ્રાથમિક શાળાના બૂથ નંબર ૨ પર આ ઘટના બની હતી જેના કારણે મતદાન બંધ કરાવવામાં આવ્યું અને આવનારા દિવસોમાં ફરીથી મતદાન થશે.

સમગ્ર મામલે વિગતવાર વાત કરીએ તો મતદાન મથકે થયેલી માથાકૂટની જાણ થતા દાહોદ પોલીસ વડા, **DYSP, PI, LCB** સહિત ઝાલોદ **SDM** અને ઝોનલ અધિકારી સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જ્યાં સામે આવ્યું કે સરપંચના ૪૩ બેલેટ અને સભ્યોના ૪૩ બેલેટ ગુમ થયા છે. જેથી ત્યાં સંપૂર્ણ મતદાન પ્રક્રિયાને બંધ કરાવી દેવામાં આવી હતી.

અહીંયા મતદાન કરવા આવેલા મતદારોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. પરંતુ અચાનકથી આ રીતે મામલો ઉગ્ર બનતા મતદાન બંધ કરાવી દેવામાં આવ્યું હતું. પરિણામે અહીંયા મતદારોના ઉત્સાહ પર પાણી ફરી વળ્યું હતું. મોટી સંખ્યામાં મતદારો અહીંયા આવ્યા હતા અને લાઈન લગાવી હતી.

જેમાં મતદાન બંધ થયા બાદ પણ મતદારો ફરીથી મતદાન શરૂ થશે તેવી રાહ જોઈને બેઠા હતા. ઉલ્લેખનીય છે કે મોટીહાંડીમાં આવનારા દિવસોમાં ફરીથી મતદાન થશે. ધામખોબરા પ્રાથમિક શાળાના બૂથ નંબર ૨ પર માથાકૂટ થઈ હતી. જે માથાકૂટ ઉગ્ર બની જતા મતદાન પ્રક્રિયા બંધ કરવામાં આવી હતી. સમગ્ર મામલે એવી માહિતી સામે આવી છે કે સરપંચના ૪૩ બેલેટ અને સભ્યોના ૪૩ બેલેટ ગુમ થઈ ગયા જેના કારણે માથાકૂટ થઈ અને મતદાન પ્રક્રિયા બંધ કરવામાં આવી હતી.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).